# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# સત્સંગ : સંતસંગનો સંગ - ભવભ્રમણનો અંત

આપણે આગળનાં લેખાંકમાં ૬ઠ્ઠા અને ૭માં ગુણસ્થાનકવાળા આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોની વિચારણા કરી હતી. તેમાં વિશેષ વિચારણાં કરીએ. પાંચમાં આરાનાં (કળિયુગમાં) હવે લગભગ ૧૮૫૦૦ વર્ષ સુધી શ્રી મહાવીર ભગવાનનું (આપેલો મોક્ષમાર્ગી ધર્મ) શાસન પ્રકાશવાનું છે. તેમાં સમયે સમયે ૭માં ગુણસ્થાનકવાળા એક અવતારી જ્ઞાની પુરૂષો ધર્મમાં આવેલા આવરણો દુર કરતા રહેશે. પાંચમાં આરામાં કેવળજ્ઞાનનો યોગ ન હોવાથી (નિષેધ) શાસ્ત્રોમાં જણાવેલો હોવાથી વર્તમાન ક્ષેત્રમાં પાંચમાં આરામાં એક અવતારી મહાપુરૂષો દ્રવ્યે શ્રી કેવળી ભગવંત ગણાય. (૭માં ગુણસ્થાનકમાં ૮ અને તેનાથી ઉપરનાં ગુણસ્થાનકનું દ્રવ્ય સ્વરૂપે દેહ અને તેનાં લક્ષણો તૈયાર થવા લાગે) તેની વિચારણા ભાવી લેખાંકમાં યોગે કરીને વિચારશું. આપણે જૈનકુળમાં જન્મેલા અને જૈનધર્મ મળ્યો અને ઘણાં ઘણાં શ્રી સાધુ ભગવંતોનો યોગ પણ થયો તો સૌ પ્રથમ ધર્મ કરતા પહેલાં ધર્મની (મોક્ષમાર્ગની) સાચી સમજણ મેળવવી જોઈએ અને પછી શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં મોક્ષમાર્ગની આરાધનાં આરાધવી જોઈએ. રાખવો નહીં. જો સંસારી આત્માનુભવી જ્ઞાની પુરૂષોને સંસારમાં રહીને આત્મામાંથી શાસ્ત્રોનો સાર પ્રગટતો હોય (જ્ઞાનને વેશ બંધનકર્તા નથી) તો પછી તેમણે આપેલા લખાણ સ્વરૂપી વચનનો નિષેધ કેવી રીતે કરાય. અને જો કરીએ તો તે જ્ઞાનની વિરાધનાં ગણાય. માટે ત્યાગી કે સંસારીનો આગ્રહ છોડીને સાચું જ્ઞાન જ્યાંથી મળે ત્યાંથી મેળવવું અને તે મેળવ્યા પછી બાળજીવોએ આરાધવા માટે શ્રી ધર્માચાર્યોનો આશ્રય અવશ્ય લેવો તે બાળજીવોને માટે આરાધવાની સલામત સ્થિતી ગણાય. શ્રી ધર્માચાર્યોનાં આશ્રયે મોક્ષમાર્ગ આરાધવાથી બાળજીવોનો સંસાર વ્યવહાર સરળતાથી ચાલે અને બાળજીવોને

## જૈનો જાગો

રમેશ વૈભાણી

લેખાંક : ૪૬

### ✱ સત્સંગ ✱

૧. યોગને ભુલીને ભોગમાં રહેવું તેનું નામ અજ્ઞાન.
ભોગને ભુલાવીને યોગમાં રખાવે તેનું નામ સત્સંગ.

૨. દ્રવ્યથી અપેક્ષા કરવી અને ભાવની ઉપેક્ષા કરવી તેનું નામ અજ્ઞાન.
ભાવથી અપેક્ષા કરવી અને દ્રવ્યનો આદર કરાવે તેનું નામ સત્સંગ.

૩. આહારીક પદાર્થોનાં રસને વખાણવા તેનું નામ અજ્ઞાન.
આહારીક પદાર્થોને સમભાવથી ગ્રહણાવે તેનું નામ સત્સંગ.

૪. સંસારીક સંબંધોમાં રાગ-દ્વેષ કરવા તેનું નામ અજ્ઞાન.
સંસારીક સંબંધોમાં આદરભાવ સ્થપાવે તેનું નામ સત્સંગ.

૫. તિથી પાળવાનો આગ્રહ અને પંચેન્દ્રિયનાં આત્માનાં ઘાતક બનવું (હિંસકભાવે) તેનું નામ અજ્ઞાન.
પંચેન્દ્રિયનાં આત્માનાં રક્ષક બનાવે (સુખભાવ અને અહિંસકભાવે) અને તિથીનો આદરભાવ કરતા રખાવે તેનું નામ સત્સંગ.

૬. તિથીનાં દિવસે (લિલોતરીમાં) અહિંસક અને બાકીનાં દિવસમાં હિંસકભાવ તેનું નામ અજ્ઞાન.
તિથીનાં દિવસે શુધ્ધ ભાવે અહિંસક અને બાકીનાં દિવસોમાં શુભ ભાવે અહિંસકપણું કરાવે તેનું નામ સત્સંગ.

૭. ચાર ગતિમાં ફરવા જેવું કરવું તેનું નામ અજ્ઞાન.
પાંચમી ગતિ (મોક્ષ)માં જવા જેવું કરાવે તેનું નામ સત્સંગ.

૮. પુણ્યલક્ષે ધર્મ કરવો તેનું નામ અજ્ઞાન.
આત્મલક્ષે ધર્મ કરાવડાવે તેનું નામ સત્સંગ.

૯. સદ્‌ગુરૂ વગર મુક્તિ માને તેનું નામ અજ્ઞાન.
સદ્‌ગુરૂનાં કારણે મુક્તિ મનાવે તેનું નામ સત્સંગ.

૧૦. ભવભ્રમણમાં ભટકે તેનું નામ અજ્ઞાન.
ભવમર્યાદા કરાવે તેનું નામ સત્સંગ અને તેજ સત્સંગનું ફળ, ધર્મસભાનું માન અને સદ્‌ગુરૂની અમૃતવાણીનું અમૃત ફળ.

### ■ જ્ઞાન ઝુરણાં ■

૧. સંસારીને ત્યાગમાં લાવવો સરળ છે.
ત્યાગીને વૈરાગ લાવવો અત્યંત મુશ્કેલ છે.

૨. બેભાનને ભાનમાં લાવવો સરળ છે.
ભ્રમિતને ભાનમાં લાવવો અત્યંત મુશ્કેલ છે.

૩. અજ્ઞાનીને જ્ઞાનમાં લાવવો સહજ છે.
'હું ધર્મ જાણું છું' તેવા જીવને જ્ઞાનમાં લાવવો અત્યંત મુશ્કેલ છે.

૪. અધર્મીને આત્મધર્મ પમાડવો સરળ છે.
પુણ્યપ્રકૃતિ ગાઢવાળા જીવને આત્મધર્મ પમાડવો અત્યંત મુશ્કેલ છે.

૫. ડુબતાને તારવો સરળ છે.
ડુબવાનો પ્રયત્ન કરનારને તારવા અત્યંત મુશ્કેલ છે.

૬. સગુરાને ગુણવાન બનાવવો સરળ છે.
નગુરાને ગુણવાન બનાવવો અત્યંત મુશ્કેલ છે.

૭. પાપભીરૂને મુક્તિ પામવી સરળ છે.
ધર્મભીરૂને મુક્તિ મળવી અત્યંત મુશ્કેલ છે.

૮. જ્ઞાનની આરાધનાએ મુક્તિ સામેથી મળે છે.
જ્ઞાનની વિરાધનાએ મુક્તિ શોધતા પણ ન મળે.

૯. સત્યની ઝુરણાંએ સંસાર ઝેર જેવો લાગે.
સત્યની મુઢ્ઢાએ સંસાર સાકર જેવો લાગે.

### ✱ સત્સંગનું ફળ ✱

૧. સદ્‌ગુરૂને જાણ – માન અને સદ્‌ગુરૂને પામ.

૨. સદ્‌ગુરૂનાં જ્ઞાનને જાણ – માન અને જ્ઞાનને પામ.

૩. સદ્‌ગુરૂનાં સ્વભાવને જાણ – માન અને તેવો સ્વભાવ બનાવ.

૪. સદ્‌ગુરૂનાં અનુભવને જાણ – માન અને તેવો અનુભવી બન.

૫. સદ્‌ગુરૂનાં ગુણોને જાણ – માન અને તેવા ગુણો પ્રગટાવ.

૬. સદ્‌ગુરૂનું કષાયરહીતપણું જાણ – માન અને કષાયરહીત બન.

૭. સદ્‌ગુરૂની દ્રષ્ટિને જાણ – માન અને તેવી દ્રષ્ટિને પ્રાપ્ત કર.

૮. સદ્‌ગુરૂની વાણીને જાણ – માન અને મધુર વાણી બનાવ.

૯. સદ્‌ગુરૂની મતીને જાણ – માન અને નિર્મળ મતી બનાવ.

૧૦. સદ્‌ગુરૂનાં લક્ષણોને જાણ – માન અને તેવા લક્ષણો ધારણ કર.

''સદ્‌ગુરૂ સ્વભાવ એજ સંસાર વિભાવ, સંસાર વિભાવ એજ ધર્મ સ્વભાવ''

માર્ગની સમજણ વગર કરેલા વ્રત, તપ, જપ, દાન અને ત્યાગ પુણ્યલક્ષી બને છે. (સમજણ ન મેળવેલી હોવાથી આત્મલક્ષ સ્થપાતું નથી.) આખી જીંદગી વાણીમાં આત્મા-આત્મા અને દ્રષ્ટિ દેહ ઉપર રાખવાથી અથવા વાણીમાં દેહ નાશવંત-દેહ નાશવંત કરવું અને દ્રષ્ટિ દેહ ઉપર રાખવાથી આત્મલક્ષી ન થવાય, પણ જીવનનાં દરેક કાર્યોમાં (સંસારનાં કે ધર્મનાં) આત્માનો ઉપયોગ રાખવાથી આત્મીકપણું પ્રાપ્ત થાય અને એજ માર્ગે પૂર્વનાં, વર્તમાનનાં અને ભાવીમાં સર્વ જીવો મુક્તિ પામવાનાં છે. (મોક્ષમાર્ગ એક જ છે અને તેનો અનુભવ પણ એક સરખો જ છે.) માટે આત્મા આત્મા કરવાની બદલે આત્મા શું છે ? આત્માનાં ગુણો કેવા છે અને તે પ્રગટાવવાં કેવી રીતે સાધનાં કરવી તે જાણવું સર્વ આત્માર્થીનું પ્રથમ કર્તવ્ય ગણાય. અને તે શ્રી ધર્માચાર્યો પાસેથી જાણવું અને પછી ધર્મ આરાધવો. અથવા જે આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોનું લખાણ વાંચવા મળે તે વાંચીને આત્મધર્મ જાણવાની જિજ્ઞાસાવૃત્તિ કેળવવી. આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષો ત્યાગ સહિતનાં હોય કે સંસારી હોય તેનો ભેદ

છેતરાવાનું ન રહે.

**ત્યાગીપણાંનાં જ્ઞાનીને ઓળખવા મુશ્કેલ છે,**
**''અને''**
**સંસારીપણાંનાં જ્ઞાનીને આરાધવા મુશ્કેલ છે.**

બાળજીવોને સંસારી આત્માનુભવી જ્ઞાની પુરૂષોને ઓળખી શકાય છે, પણ ભવભવાંતરની ગાઢ થયેલી ગ્રંથી (કુળપરંપરા અને લોક અભિપ્રાયની સમજણ તુટવી મુશ્કેલ છે.) અને એ કદાચ પાતળી હોય તો સ્વચ્છંદે વર્તવાનો દોષ નડે અને એ પણ મંદ હોય તો માન, અહંકાર અને અભિમાન અવશ્ય નડે. નાની ઉંમરમાં જોશ બળવાન હોય છે, હોશ (સમજણ) હોતી નથી અને મોટી ઉંમરે હોશ (સમજણ) હોય છે, ત્યારે જોશ (પુરૂષાર્થનું બળ નબળું હોય છે) માટે જોશ હોય ત્યારે હોશ નથી અને હોશ હોય ત્યારે જોશ નથી હોતું અને જોશ, હોશ અને સ્વતંત્રપણું હોય છે (૪૦ વર્ષથી ૫૦ વર્ષની ઉંમર) ત્યારે માન, અભિમાન અને અહંકારનું બળ બળવાનપણે હોય છે, માટે જીવ ભવ ભ્રમણમાં ભટકે છે. (નાની ઉંમર - મધ્યમ ઉંમર - મોટી ઉંમર) માટે વર્તમાનનું જૈનપણું અને મનુષ્યપણું સફળ કરવું હોય તો ઓછામાં ઓછું સાચો મોક્ષમાર્ગ જાણી લેવો અને જાણ્યાં પછી આરાધવાની અનુકુળતા કે ઉંમર ન હોય તો પણ શ્રધ્ધા બળવાનપણે શ્રધ્ધવી કે મોક્ષમાર્ગ આ એક જ છે અને તે માર્ગે જ મોક્ષ મળવાનો છે, એવી બળવાન શ્રધ્ધા પણ

અનુસંધાન સામે પાના નં ૧૫ પર →

અનુસંધાન ...
સામેનાં પાના નં ૧૪થી ચાલું

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## સત્સંગ : સંતસંગનો સંગ - ભવભ્રમણનો અંત

જો સંસ્કાર સ્વરૂપે સ્થપાય તો પણ ભાવી ભવોમાં સમકિત અને મોક્ષનું કારણ બને. અને જ્ઞાનીનો યોગ થાય, જ્ઞાનીને ઓળખી શકાય અને જ્ઞાનીને આરાધી પણ શકાય, આત્માનુભવી જ્ઞાની પુરૂષોને ઓળખવા માટેનાં ગુણો

**''પામરમાં પરમાત્માની પાવનતા'' પારંગતને પકડીને, પારંગતની પાસેથી, પારંગતનો પ્રાણવાન પુરૂષાર્થ પામીને, પારંગતતા પામવા, પરમેશવરને પ્રકાશવાથી, પાપોનું પ્રાયશ્ચિત પ્રભાવતાં પ્રભાવતાં, પાપોનાં પાપમાંથી પાછા પડીને, પરમાત્મામાંથી પ્રભુપણાની પ્રાપ્તીની પ્રવિણતા પામીને, પ્રભુનાં ધામે-પ્રભુ પાસે, પ્રભુ સ્વરૂપે પહોંચીએ.**

જીવમાં પ્રકાશીત થાય (ગુણો કેળવવા પડે છે) અને બાળજીવોમાં ગુણો પ્રકાશીત થવાથી જ્ઞાનીની ઓળખાણ થાય, જ્ઞાનીની વાણી સમજાય અને વાણી થકી જ્ઞાનીનો પરિચય થાય, માટે જ્ઞાનીને ઓળખવા માટેનાં ગુણો બાળજીવોએ પ્રગટાવવા જોઈએ. આખી જીંદગી સદ્‌ગુરૂ-સદ્‌ગુરૂ કરવાથી પૂર્વનાં થઈ ગયેલા જ્ઞાની પુરૂષોનો યોગ ન થાય, પણ તેમણે કહેલા ગુણો પ્રગટાવવાથી વર્તમાન ભવમાં કે ભાવી ભવોમાં જ્ઞાનીનો યોગ થાય અને તેમનું કહેલું કરવું તેજ સદ્‌ગુરૂ ભક્તિ કહેવાય અને તેજ તેમનામાં સ્થાપેલી શ્રધ્ધા કહેવાય. સદેહે વર્તતા જ્ઞાની પુરૂષો ક્યારેય પોતાને જ્ઞાની ગણાવતા નથી અને કહેવરાવતાં નથી, તેમને ઓળખવા પડે છે. જ્ઞાનીને જ્ઞાનમાં ખપવાની માનવૃત્તિ હોતી નથી અને જો માનવૃત્તિ હોય તો તે જ્ઞાની

**દેહાત્મબુધ્ધિનું પરોક્ષ પરીણામ વિપર્યાસ બુધ્ધિ.
દેહાત્મ બુધ્ધિનું પ્રત્યક્ષ પરીણામ દેહનાં સ્મરણથી દુ:ખભાવનું સહજ સ્વભાવથી સ્મરણ
''અને''
દેહાતિતબુધ્ધિનું પરોક્ષ પરીણામ નિર્મળ બુધ્ધિ.
દેહાતિત બુધ્ધિનું પ્રત્યક્ષ પરીણામ દેહનાં વિસ્મરણથી સુખભાવનું સહજ સ્વભાવથી સ્મરણ.**

પુરૂષ બનતા નથી. (આત્મસાક્ષાત્કાર પામી શકતા નથી) અને જ્ઞાનીનું જ્ઞાન ગતિશીલ હોવાથી, જ્ઞાન જ જ્ઞાનીને જ્ઞાની ગણાવે છે અને તે પણ લગભગ દેહ છુટ્યા પછી). બહુ જ અલ્પ જીવોને જ્ઞાનીની હાજરમાં ઓળખાણ અને આરાધન શક્ય બને છે, માટે આ ભવમાં એવા ગુણો પ્રગટાવવા કે ભાવી ભવોમાં કલ્યાણનું કારણ બને. સદેહે જ્ઞાનીની આરાધનાં વગર જીવ અનંત ભવે પણ મોક્ષ પામતો નથી. ભવમર્યાદા માટે બાળજીવે એક ભવ સદેહે જ્ઞાનીની હાજરીમાં તેમનાં કહેલા ધર્મને આરાધવો અનિવાર્ય બને છે.

**સ્વરૂપનાં સ્વરૂપની સમજણ સમજવા સ્વસ્વરૂપની સ્થિરતા સ્થાપવા ''સંતશરણમાં સત્યની સત્યતા સ્વિકારીને'' સમ્યક સ્વભાવથી સમકિત સાધીને સિધ્ધશિલાનાં સાશ્વતાં સુખને સમરીએ.**

હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં સત્સંગસભા કે ધર્મસભાનાં ફળ અને ગુણ પરીણામની વિશેષ વિચારણા કરીએ.

૧. શ્રી તીર્થંકર પરમાત્માનું ઉપકારીપણું સ્થપાવે તેનું નામ **સત્સંગ**. (શ્રી પરમાત્માએ શાસ્ત્રો રચાવડાવીને)
૨. શ્રી સિધ્ધ ભગવંતનું ઉપકારીપણું સ્થપાવે તેનું નામ **સત્સંગ**. (જીવને નિગોદમાંથી મુક્ત કરવામાં નિમિત્ત કારણ)
3. શ્રી આચાર્ય ભગવંતનું (૩૬ ગુણોયુક્ત) ઉપકારીપણું સમજાવે તેનું નામ **સત્સંગ**. (ભવમર્યાદાનું સમકિત પમાડવામાં નિમિત્ત કારણ)
૪. શ્રી ઉપાધ્યાયજીનું ઉપકારીપણું સ્થપાવે તેનું નામ **સત્સંગ**. (મોક્ષમાર્ગની શાસ્ત્રનાં આધારથી સમજણ આપે)
૫. માતા-પિતા, સાધુ-સાધ્વીજી તથા જગતનાં નબળા-સબળા જીવોની ઉપકારીપણે ભક્તિ કરાવે તેનું નામ **સત્સંગ**. (મનુષ્યપણું પ્રાપ્ત કરવામાં [દેહ] નિમિત્ત કારણ, ત્યાગ ભાવનાનો ગુણ કેળવવા માટે બળપૂરક ઉપકારીભાવ અને આરાધનામાં સહાયક-અસહાયક જીવોને કારણે ઉત્સાહીતતાં અને સહનશીલતા)

**હે આનંદ સ્વરૂપી આનંદ,
તારા આનંદીતપણાને, આનંદીતપણામાં, આનંદીતપણે, આનંદવા, આનંદાનુભવીનાં, આનંદાશ્રયે, આનંદની ઉપયોગીતાએ, આનંદ-આનંદનાં ભાવે, પરમ આનંદનાં સ્વભાવે, નિત્યાનંદાનુંભવે, અખંડ આનંદનાં આધારે, કેવળાનંદમાં સ્થિર થઈને, આનંદ ધામે આનંદ સ્વરૂપે, સર્વ સમયથી
આનંદ - આનંદ - આનંદ દસ્યથ.**

૬. બુધ્ધિની નિર્મળતા-તિક્ષ્ણતા અને સ્મરણજ્ઞાન વધે તેવો યોગ આપે તેનું નામ **સત્સંગ**.
૭. દ્રષ્ટિની નિર્મળતા-સ્થિરતાં કરાવે અને દ્રષ્ટિનો દોષ ટળાવે તેનું નામ **સત્સંગ**.
૮. આત્મસ્વમાની અને આત્મસ્વાવલંબી બનાવે તેનું નામ **સત્સંગ**.
૯. પરાવલંબીપણું અને નિરાશ્રીતપણું ટળાવે તેનું નામ **સત્સંગ**.
૧૦. બર્હિમુખીપણું ટાળીને અંતર્મુખી બનાવે તેનું નામ **સત્સંગ**.
૧૧. માન-અહંકાર અને અભિમાનને મંદ કરીને ક્ષય કરાવે તેનું નામ **સત્સંગ**.

**ભવભ્રમણની ભક્તિ 'એજ' ભવભ્રમણની શક્તિ.
ભવભ્રમણને ભજવું 'માટેજ' ભવભ્રમણમાં ભમવું.
પુણ્યલક્ષની પ્રાપ્તી 'એજ' ભવભ્રમણની ભક્તિ.
સુખથી પાપને આચરવું 'એજ' ભવભ્રમણની શક્તિ.**

૧૨. જગત પ્રત્યે ઉદાસીનભાવ કરાવે તેનું નામ **સત્સંગ**.
૧૩. દેહ ઉપરથી દ્રષ્ટિ હટાવીને આત્મા ઉપર દ્રષ્ટિ મુકાવે તેનું નામ **સત્સંગ**.
૧૪. ધર્મનું માન લેવાની વૃત્તિ તોડાવે તેનું નામ **સત્સંગ**.
૧૫. ગુરૂત્વભાવમાંથી લઘુત્વભાવમાં રખાવે તેનું નામ **સત્સંગ**.
૧૬. યાચકપણું ટળાવે તેનું નામ **સત્સંગ**.
૧૭. લૌકિકમાંથી અલૌકિક દ્રષ્ટિ બનાવી દે તેનું નામ **સત્સંગ**.
૧૮. આત્મીક સ્વભાવ અને પ્રભાવ પ્રગટાવે તેનું નામ **સત્સંગ**.
૧૯. મરણનો ભય ટળાવે તેનું નામ **સત્સંગ**.
૨૦. આવતા ભવોનો ભય ટળાવી દે તેનું નામ **સત્સંગ**.

### ■ અજ્ઞાન એજ ભવભ્રમણ ■

**''અજ્ઞાનને આરાધવું, જૈનપણું ગુમાવવું''
જ્યાં અજ્ઞાન છે, ત્યાં પાપ-પુણ્ય બંધ છે.
જ્યાં પાપ-પુણ્ય છે, ત્યાં સુખ-દુ:ખનાં ભાવ છે.
જ્યાં સુખ-દુ:ખનાં ભાવ છે, ત્યાં સંસારભાવ છે.
જ્યાં સંસારભાવ છે, ત્યાં વિચારદશા છે.
જ્યાં વિચારદશા છે, ત્યાં ઈચ્છા સ્થિતી છે.
જ્યાં ઈચ્છા સ્થિતી છે, ત્યાં સંકલ્પ-વિકલ્પ છે.
જ્યાં સંકલ્પ-વિકલ્પ છે, ત્યાં આગ્રહ અનાગ્રહ છે.
જ્યાં આગ્રહ અનાગ્રહ છે, ત્યાં હઠાગ્રહ છે.
જ્યાં હઠાગ્રહ છે, ત્યાં કદાગ્રહ છે.
જ્યાં કદાગ્રહ છે, ત્યાં દુરાગ્રહ અને દુર્ભાવ છે.
જ્યાં દુરાગ્રહ અને દુર્ભાવ છે,ત્યાં દ્વેષબુધ્ધિ છે.
જ્યાં દ્વેષબુધ્ધિ છે, ત્યાં ક્રોધીષ્ઠપણું છે.
જ્યાં ક્રોધીષ્ઠપણું છે, ત્યાં હિંસકપણું છે.
જ્યાં હિંસકપણું છે, ત્યાં ભયભીતપણું છે.
જ્યાં ભયભીતપણું છે, ત્યાં અનંત દુ:ખ છે.
જ્યાં અનંત દુ:ખ છે, ત્યાં ભવભ્રમણ છે.
જ્યાં ભવભ્રમણ છે,
ત્યાં અજ્ઞાન અજ્ઞાન અને અજ્ઞાન છે.
માટે અજ્ઞાન ટાળો, જ્ઞાન જાણો, જ્ઞાન માનો અને જ્ઞાન પામો. એજ સર્વ શ્રી તીર્થંકર પરમાત્માની મુખ્ય પ્રમુખ દેશનાં છે અને તે માટે જ શ્રી પરમાત્માએ બાળજીવો માટે શાસ્ત્રોની રચનાં કરાવી છે અને તેથી જ સર્વ જ્ઞાની પુરૂષો જ્ઞાન પ્રકાશવા જન્મ ધારણ કરે છે. અને શ્રી પરમાત્માનાં ઉપકારનો બદલો વાળે છે.**

૨૧. ઈચ્છા રહીતનું જીવન બનાવી દે તેનું નામ **સત્સંગ**.
૨૨. સત્સંગ પ્રભાવથી બાળજીવોમાં ઘણી જ શક્તિ અને લબ્ધીઓ પ્રગટે તેનું નામ **સત્સંગ**.
૨૩. સત્સંગ પ્રભાવથી શારિરીક દુખાવાઓ દુર થાય તેનું નામ **સત્સંગ**.
૨૪. સત્સંગ પ્રભાવથી વાયુ અને ગેસની બિમારીઓ દુર થાય તેનું નામ **સત્સંગ**.
૨૫. સત્સંગ પ્રભાવ અને સ્વભાવથી મગજની બિમારીઓ દુર થાય તેનું નામ **સત્સંગ**.
૨૬. સત્સંગસભા કે ધર્મસભામાં બાળજીવોને મોક્ષમાર્ગમાં ચાલવા માટે સરળતાથી અનુકૂળ સંજોગો અને દેહની અનુકૂળતા સહજતાથી પ્રાપ્ત થાય છે. બાળજીવે કષાયો ટાળવા અને ગુણો પ્રગટાવવા માટે શ્રધ્ધા સહિત અલ્પ પુરુષાર્થની જ જરૂર રહે છે. માર્ગમાં ચાલવા માટે બાળજીવો ઉપર સદ્‌ગુરૂની કૃપાદ્રષ્ટિનાં કારણે જીવોને શ્રી પરમાત્માની કરૂણાં, સંતપુરૂષોનું યોગબળ અને શાસનદેવી અને સમકિતી દેવ-દેવીઓની સહાયતા માગ્યા વગર પણ બાળજીવોને મળે છે. તે બાળજીવો માટે મોટામાં મોટું સત્સંગનું ફળ અને આધ્યાત્મીક પરીણામની પ્રાપ્તી ગણાય. માટેજ બાળજીવોમાં આનંદ-આનંદ અને પ્રભુ-પ્રભુનું સરળતાથી સહજતાથી ભારરહીત સ્થાપન અને પ્રગટપણું થાય છે.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.